# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION

Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.

Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


## અ.મ્યુ.કો.માં હેલ્થ વિભાગમાં સી.એચ.સી. માટે મેડીકલ સ્પેશિયાલિસ્ટની ભરતી કરવા બાબત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હેલ્થ વિભાગમાં સી.એચ.સી. માટે ૧૧ માસના કરાર આધારિત કોષ્ટક મુજબના એન.એચ.એમ તથા અ.મ્યુ.કો. બજેટ અંતર્ગત મેડીકલ સ્પેશિયાલિસ્ટની જગ્યાઓ માટે ભરતી કરવા તેમજ પ્રતિક્ષાયાદી બનાવવા માટે હેલ્થ વિભાગ દ્વારા વોક ઇન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. સંલગ્ન પોસ્ટ માટેની લાયકાત ધરાવતા ઉમેદવારે www.ahmedabadcity.gov.in વેબસાઈટ પર recruitments લિંક માં અપલોડ કરવામાં આવેલ એપ્લીકેશન ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. સદર એપ્લીકેશન ફોર્મમાં પોતાનું નામ, સરનામું ઉમર, લાયકાત તથા અનુભવની વિગત સ્વ અક્ષરે ભરી પોતાના શૈક્ષણીક લાયકાત તથા અનુભવના અસલ પ્રમાણપત્રો સ્વ પ્રમાણીત નકલો સાથે **તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ રજીસ્ટ્રેશન સમય : સવારે ૦૯.૦૦ વાગ્યે** તથા સ્થળે વોક-ઇન ઇન્ટરવ્યુમાં હાજર રહેવું. જો ઉમેદવાર નિયત કરેલ સમય પછી આવશે તો તેઓને ઈન્ટરવ્યુ આપવા દેવામાં આવશે નહીં.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | ઉચ્ચક માસિક વેતન | ફરજ ના દિવસો | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ફિઝીશીયન | ૧. એમ.એસ./ ડી.એન.બી. (મેડિસિન) ૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | રૂ.૭૫,૦૦૦/- ફિકસ | દરરોજ | ૦૨ જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા માટે |
| ૨ | જનરલ સર્જન | ૧. એમ.એસ./ ડી.એન.બી. (સર્જરી) ૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | રૂ.૭૫,૦૦૦/- ફિકસ | દરરોજ | ૦૧ જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા માટે |
| ૩ | રેડીયોલોજીસ્ટ | ૧. એમ.ડી / ડી.એન.બી (રેડીયોલોજી) ૨. મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઈએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | રૂ.૭૫,૦૦૦/- ફિકસ | દરરોજ | 03 જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા માટે |

URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | ડર્મેટોલોજીસ્ટ | ૧. એમ.ડી / ડી.એન.બી (સ્કીન)<br>૨. મેડીકલ કાઉન્સીલમા રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ. | સરકારી/અર્ધ સરકારી શાખામાં અનુભવ ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે | રૂ.૩૭,૫૦૦/- ફિકસ | સાપ્તાહિક ૦૩ દિવસ | ૦૪ જગ્યા ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા માટે |

<u>શરતો</u>

- અનુક્રમ નંબર ૦૧ થી ૦૩ ની પોસ્ટ માટે પસંદગી પામેલ ઉમેદવારે અઠવાડિયાના ૬ દિવસએ સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ દરમ્યાન ફરજ બજાવવાની રહેશે.
- અનુક્રમ નંબર ૦૪ ની પોસ્ટ માટે પસંદગી પામેલ ઉમેદવારે અઠવાડિયાના ૩ દિવસએ સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ દરમ્યાન ફરજ બજાવવાની રહેશે.
- પસંદગી પામેલ ઉમેદવારને સક્ષમ સત્તાની મંજુરી મુજબ કોઈપણ હેલ્થ ફેસીલીટી ખાતે ટ્રાન્સફર કરી શકશે જે ઉમેદવારએ મંજુર રાખવાની રહેશે.
- ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઇન્ટરવ્યુ માટે લાયકાતનાં અને અનુભવનાં પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પૂરતા ડોક્યુમેન્ટ રજુ કરવામાં નહિ આવે તો તે અરજી રદ કરવામાં આવશે. તે અંગે ઉમેદવારનું કોઈ હક્ક દાવો રહેશે નહી.
- ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણપત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમણૂંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવારના લધુતમ માર્ક્સ ગણાશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.
- પસંદગી થયેલ ઉમેદવારની નિમણૂંક તદ્દન હંગામી ધોરણે ખાતાની જરૂરીયાત સુધીના સમયગાળાની રહેશે. કોન્ટ્રાક્ટ પૂર્ણ થયેથી દિન ૦૧નો બ્રેક આપી તેઓનો કરાર વધુમા વધુ ૧૧ માસ અથવા ખાતાની જરૂરીયાત સુધી રીન્યુ કરવામાં આવશે.

- રજીસ્ટ્રેશનનો સમય :- સવારે ૯.૦૦ વાગ્યા થી ૧૦.૦૦ વાગ્યા સુધી
- ઇન્ટરવ્યુનો સમય :- સવારે ૧૧.૦૦ વાગ્યાથી
- ઇન્ટરવ્યુનું સ્થળ :- આરોગ્ય અધિકારીશ્રીની ઑફીસ, પ્રથમ માળ, આરોગ્ય ભવન
  જુનુ ટી. બી. હોસ્પિટલ કમ્પાઉન્ડ, જુના એસ. ટી. બસ સ્ટેન્ડની સામે,
  ગીતા મંદિર રોડ, આસ્ટોડિયા દરવાજા પાસે, અમદાવાદ

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ